**વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક આપવા બાબત.**

ગુજરાત સરકાર,
**સામાન્ય વહીવટ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– ૩–૧૧–૨૦૧૧

<u>**વંચાણમાં લીધા :–**</u>

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૪–૬–૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.૫

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧–૫–૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.૫

(૩) નાણા વિભાગના તા.૬–૧૦–૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : ખરચ–૨૦૦૨–૫૭ (પાર્ટ–૨)–ઝ.૧

<u>**ઠરાવ :–**</u>

સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલા ક્રમ(૧) સામેના તારીખ :૪–૬–૨૦૦૯ના ઠરાવથી વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક આપવા અંગેના હુકમો કરવામાં આવેલ છે. આ ઠરાવ સાથેના પત્રક–૪માં જે ફીકસ પગારની વિગતો આપવામાં આવી હતી તેમાં વંચાણમાં લીધેલા ક્રમ(૨) સામેના તા.૧૧–૫–૧૦ના ઠરાવથી સુધારો કરવામાં આવેલ છે. નાણા વિભાગના વંચાણમાં લીધેલા ક્રમ(૩) સામેના તા.૬–૧૦–૨૦૧૧ના ઠરાવથી ફીકસ પગારમાં પુનઃ સુધારો કરવામાં આવેલ છે. તેને ધ્યાને લેતાં વંચાણમાં લીધેલા તા.૪–૬–૨૦૦૯ના ઠરાવ સાથેના પત્રક –૧માં ક્રમાંક–૧ થી સેવાની શરતો અને બોલીઓ જે નિયત કરવામાં આવેલ છે, તે રદ કરી નીચે મુજબ ક્રમાંક–૧ની સેવાની શરત અને બોલીઓ નિયત કરવામાં આવે છે.

(૧) સંબંધિત સેવાની જગ્યા પર સીધી ભરતીથી નિમણૂક મેળવનાર ઉમેદવારને આ જગ્યાના પગાર ધોરણ અન્વયે નાણા વિભાગ ધ્વારા જે ફીકસ પગાર નિયત કરવામાં આવે તે માસીક ફિકસ પગારથી કરારના સમયગાળા માટે કરાર આધારે નિમણૂક આપવામાં આવશે

પત્રક–૧માં નિયત કરવામાં આવેલ અન્ય સેવાની શરતો અને બોલીઓ યથાવત રહેશે.

તા.૪–૬–૨૦૦૯ના ઠરાવ સાથેનું પત્રક–૪ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.વી.પવાર)
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ

**બિડાણ :**– ઉપર મુજબ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- ➤ સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- ➤ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ➤ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ➤ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદ.
- ➤ સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ ગાંધીનગર.
- ➤ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/ અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- સચિવાલયના તમામ વિભાગો
- તમામ ખાતાના વડાઓ
- વેબ માસ્ટર
  સરકારની વેબસાઈટ / જી.આર. બુકમાં મુકવાની વિનંતી સાથે.
- વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- પસંદગી ફાઈલ ગ.પ.–શાખા

---

➤ પત્ર દ્વારા.

C:\HB\15-AUG.-2011\APPOINTMENT OF CONTRACTUAL BASIS\FINAL\THARAV New-12-10-11-AMENDMENT.doc